# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ગુજરાત ગેસ ગ્રીડ, ઇલેક્ટ્રિક ગ્રીડ અને વોટર ગ્રીડ ધરાવતું દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.**
2. **કેન્દ્રીય જળ શક્તિમંત્રી સી આર પાટીલે જણાવ્યું, ટર્સરી ટ્રીટેડ વોટરમાંથી સુરતમાં સૌથી વધુ 600 કરોડ રૂપિયાની આવક થઈ**
3. **આજે રાજ્ય સહિત દેશભરમાં બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી કરાશે**
4. **નવસારી જિલ્લાના મટવાડ અને સામાપોર ગામમાં મહાપ્રસાદ બાદ 120થી વધુ લોકોને ફૂડ પોઈઝનીંગની અસર થઈ**
5. **રાજ્યમાં આવતીકાલથી 17 એપ્રિલ દરમિયાન હિટવેવની આગાહી.**

-----------------------------------------------------------------------------------

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM BHAGYA VIDHATA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , રાજ્ય ગેસ ગ્રીડ, ઇલેક્ટ્રિક ગ્રીડ અને વોટર ગ્રીડ ધરાવતું દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. અમદાવાદમાં યોજાયેલા 'ભારત, ભાગ્ય, વિધાતા-રાષ્ટ્ર પ્રથમ' કાર્યક્રમમાં શ્રી પટેલે આમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે વિવિધ ક્ષેત્રની અલાયદી નીતિને કારણે ગુજરાત આજે દેશમાં પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયું છે.

## (બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે , કોઈ પણ સમાજ માટે સૌભાગ્યની વાત હોય છે, જ્યારે તે સમાજના પ્રતિષ્ઠિત લોકો ભેગા થઈને સમાજના સર્વાંગી વિકાસમાં યોગદાન આપે છે. શ્રી દેવવ્રતે અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને જીવનમાં ઉતારીને શાંતિનો માર્ગ અપનાવવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રનિર્માણમાં વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારા મહાનુભાવોને 'ફિલિંગ્સ પ્રાઈડ ઓફ ઇન્ડિયા એવોર્ડ 2025'થી સન્માનિત કરાયા હતા.

---

# GIRIRAJSINH BIHAR DIWAS

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહે કહ્યું, બિહાર અને ગુજરાતે હંમેશાં ભારતની સાંસ્કૃતિક એકતામાં યોગદાન આપ્યું છે. અમદાવાદની મુલાકાતે આવેલા શ્રી સિંહે ગઈકાલે પત્રકાર પરિષદને સંબોધન કરતા "એક ભારત શ્રેષ્ઠ ભારત" અભિયાનની મહત્વકાંક્ષા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે, "ગાંધીજીની જન્મભૂમિ ગુજરાત છે અને બિહાર તેમની કર્મભૂમિ રહી છે. તેમણે ઉમેર્યું કે, "ગુજરાતમાં બિહારથી આવેલાં 15 લાખથી વધુ લોકો ગુજરાતના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. બિહારના લોકોએ ગુજરાતમાં નવું ટેક્સટાઇલ હબ ઊભું કર્યું છે.

## (બાઈટ - કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહ)

---

# MANDVIYA APPEAL

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ જિલ્લા પંચાયત બેઠકના આધારે સેવાસેતુ કાર્યક્રમ યોજવા અપીલ કરી છે.

રાજકોટના ધોરાજી તાલુકાના મોટી મારડ ગામમાં આગામી 19 એપ્રિલે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે, જેમાં મોટી મારડ, ભાદાજાળીયા, પીપળીયા, ઉદકીયા, અને પાટણવાવ, ચીચોડ, નાની મારડ, હડમતીયા, નાગલખડા, ભાડેર, છત્રાસા, વેલારીયા, વાડોદર, કલાણા સહિત 15 ગામના નાગરિકો લાભ લઇ શકશે.

આ સેવાસેતુ કાર્યક્રમની સાથે ગામમાં સ્વચ્છતા અભિયાન , મેડિકલ કેમ્પ , રક્તદાન શિબિર, સરપંચો સાથે સંવાદ, ગ્રામ સભા જેવા કાર્યક્રમો પણ યોજાશે.

---

# CR PATIL AMALSAD

કેન્દ્રીય જળ શક્તિમંત્રી સી આર પાટીલે જણાવ્યું , ટર્સરી ટ્રીટેડ વોટરમાંથી સૌથી વધુ 600 કરોડ રૂપિયાની આવક સુરત શહેરમાં થાય છે. નવસારીના અમલસાડમાં વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે શ્રી પાટીલે આમ જણાવ્યું હતું. તેમણે પાણીની અછત દૂર કરવા સાથે 'જળ સંરક્ષણ – જન ભાગીદારી ” અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

## (બાઇટ: સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી)

અમલસાડમાં શ્રી અંધેશ્વર મહાદેવ મંદિરનાં રજત જયંતિ સમારોહ સાથે મંદિર પરિસદમાં 17 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરાયું હતું.

---

# AMBAJI ROPE WAY

આવતીકાલથી 17 એપ્રિલ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં આવેલા અંબાજી ગબ્બર ખાતે પરિક્રમા માર્ગ તથા રોપ-વેની સુવિધા બંધ રહેશે. ગબ્બર પર

મધમાખીના મધપુડા દૂર કરવાની કામગીરી અંતર્ગત યાત્રિકોની સલામતી અને સુરક્ષાને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો છે.

18 એપ્રિલથી રાબેતા મુજબ દર્શન અને રોપ-વેની સુવિધા શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મધમાખીઓ વારંવાર ઉડવાના કારણે યાત્રિકોની સલામતી જોખમાય છે. યાત્રિકોના અવર-જવરવાળા વિસ્તારમાં ગબ્બર ટોચ તથા પરિક્રમા માર્ગમાં મધપૂડાના કારણે યાત્રાળુઓને મુશ્કેલી પડે છે. જેથી ગબ્બર ખાતે મધમાખીના મધપુડા દૂર કરવાની કામગીરી હાથ ધરવાનું નક્કી કરાયું છે.

---

# AMBEDKAR JAYANTI

આજે રાજ્ય સહિત દેશભરમાં બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી કરાશે. ડૉ. ભીમરાવ આંબેડકર પ્રખર સમાજ સુધારક, અર્થશાસ્ત્રી અને રાજકારણી હતા. જેમણે લોકો માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. બાબાસાહેબ ડૉ. આંબેડકરે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો સામેના સામાજિક અને જ્ઞાતિના ભેદભાવને ખતમ કરવા માટે નિરંતર કાર્ય કર્યું હતું. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા અને ન્યાય મંત્રી બન્યા હતા. ડૉ. આબેડકરને વર્ષ 1990 માં મરણોપરાંત ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની પૂર્વસંધ્યાએ અમદાવાદ ખાતે વંદન અભિનંદન કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

આ કાર્યક્રમાં પદ્મશ્રી ગાયક કલાકાર હેમંત ચૌહાણ અને લોક સાહિત્યકાર ભીખુદાન ગઢવી દ્વારા લોક ડાયરાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શ્રી પટેલે લોકડાયરાના વિવિધ લોકગીતોના સાદનો આનંદ માણ્યો હતો અને તમામ કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા, સાથે જ નગરજનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

---

# KUNVARJI BAVALIYA- SHIYAL BET VISIT

પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ અમરેલીના રાજુલામાં પાંચ અલગ-અલગ સ્થળોએ મુલાકાત લઈ પાણીની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે રાજુલા-જાફરાબાદમાં આવેલા છતડીયા , કડિયાળી અને મીતીયાળા અને પીપાવાવ ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. અમારાં જિલ્લા પ્રતિનીધી જણાવે છે કે શ્રી બાવળિયાંએ શિયાળ બેટ પર છકડો રિક્ષામાં ફરી ગ્રામજનો સાથે મુલાકાત કરી હતી. તેમણે ચાંચબંદર ખાતે પીવાના પાણીની સ્થિતિની સમીક્ષા પણ કરી હતી.

---

# NAVSARI FOOD POISONING

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મટવાડ અને સામાપોર ગામે મહાપ્રસાદ બાદ 120 થી વધુ લોકોને ફૂડ પોઈઝનીંગ ની અસર થઈ છે. લગભગ

80 બાળકો સહિત 120 દર્દીઓને સારવાર અર્થે પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તારણ મુજબ મહાપ્રસાદમાં ભોજન ઉપરાંત છાશ અને રસ પીરસવામાં આવ્યા હતા , તેને કારણે તબિયત બગડી હોવાનું અનુમાન છે.

આરોગ્ય વિભાગની ટીમે મટવાડ, સામાપોર, દાંડી અને કરાડી જેવા ગામોમાં ફરીને અસરગ્રસ્ત દર્દીઓને સારવાર આપી હતી. જો કે પ્રાથમિક સારવાર બાદ દર્દીઓની હાલત સુધારો થયો હતો. જો કે સાવચેતીના પગલાંરૂપે નવસારી આરોગ્ય વિભાગે 5 મેડિકલ ઓફિસર સહિતના 26 સભ્યની ટીમને અસરગ્રસ્ત ગામોમાં મોકલીને સર્વેની કામગીરી હાથ ધરી હતી.

---

# DOLPHIN DAY

રાજ્ય સહિત દેશભરમાં આજે રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ 'ની ઉજવણી કરાશે. ડોલ્ફિન માટે રાજ્યનો દરિયો વધુ સુરક્ષિત માનવામાં આવી રહ્યો છે. કચ્છથી ભાવનગર સુધીના દરિયાકિનારે ડોલ્ફિનનું અસ્તિત્વ નોંધાયું છે. સાંભળીએ એક અહેવાલ..

## વોઇસ કાસ્ટ: ચૈતાલી જોશી

*રાજ્યમાં કચ્છથી ભાવનગર સુધીનો દરિયાકિનારો ડોલ્ફિનના 'ઘર' તરીકે પ્રસ્થાપિત થયો છે. રાજ્યમાં 4 હજાર 87 ચોરસ કિલોમીટર દરિયાઈ વિસ્તારમાં અંદાજે 680 જેટલી ડોલ્ફિન નોંધાઈ છે. જેમાં સૌથી વધુ 498 ડોલ્ફિન ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા મરીન રાષ્ટ્રીય ઉદ્યાન અને મરીન અભયારણ્યના વિસ્તારમાં હોવાની સંભાવના છે. રાજ્યના દરિયાકાંઠાના પાણીમાં 'ઇન્ડીયન ઓસન હમ્પબેક ડોલ્ફિન ' પ્રજાતિ જોવા મળે છે. ડોલ્ફિનને બચાવવામાં માછીમાર ભાઈઓનું યોગદાન પણ એટલું જ મહત્વનું છે. આ સર્વગ્રાહી પ્રયાસોના પરિણામે રાજ્યના દરિયા કિનારે જોવા મળતી ડોલ્ફિન દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.*

## ચૈતાલી જોશી આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# SOSIYA- MANGO CROPE FAILED

ભાવનગરના સોસિયા વિસ્તારના કમોસમી વરસાદ અને વાવાઝોડા સહિતના પરિબળોને કારણે કેસર કેરી નો પાક અચાનક સુકાવા લાગ્યો છે.હાલ ભાવનગરમાં કેરીનો પાક ધીમે-ધીમે પાક ઓછો થવા લાગ્યો છે. આ વર્ષે કેરીના સરેરાશ ઉત્પાદનમાં સરેરાશ ૫૦ થી ૬૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. આ અંગે સ્થાનિક ખેડૂત શક્તિસિંહે પ્રતિક્રિયા આપી

## બાઈટ : શક્તિસિંહ ગોહિલ (ખેડૂત,માંડવા)

---

# WEATHER

રાજ્યમાં આવતીકાલથી 17 એપ્રિલ દરમિયાન હિટવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 5 દિવસ દરમિયાન રાજ્યના તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. આવતીકાલથી 17 એપ્રિલ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, તેમજ કચ્છ અને રાજકોટમાં હિટવેવની આગાહી છે. આ દરમિયાન રાજ્યમાં તાપમાનનો પારો 40થી 44 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહી શકે છે.

રાજ્યમાં 42.3 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર બન્યું હતું. અમદાવાદમાં ગરમીનો પારો 40 ડિગ્રીથી નીચે રહ્યો છે. જ્યારે સુરેન્દ્રનગરમાં 41.3 ડિગ્રી, અમરેલીમાં 40.4 ડિગ્રી, ભુજમાં 40 ડિગ્રી મહતમ તાપમાન નોંધાયું હતું.

---